

## દિવાળીના તહેવારો નજીક આવતા બજારમાં લોકોની અવરજવર વધી : ધાનેરાની પોલીસ પણ સજ્જ

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે જેને લઈ ધાનેરામાં લોકોની અવરજવર પણ વધી છે અને ધાનેરા શહેરના રસ્તાઓ લોકોથી ભરચક જોવા મળી રહ્યા છે ત્યારે દિવાળીના તહેવાર નિમિત્તે કોઈ પણ બનાવ ન બને તે માટે ધાનેરાની પોલીસ પણ તટસ્થ બની છે અને પેટ્રોલીંગમાં વધારો કરી સતત ધાનેરા શહેર સુરક્ષિત રહે તે માટેની કામગીરી કરી રહી છે ધાનેરા પોલીસ સ્ટેશનના પીઆઇ શ્રી સમીરસિંહ ડાભી સહિત પોલીસ સ્ટાફ દ્વારા ધાનેરામાં ફુટ પેટ્રોલીંગ પણ કરવામાં આવ્યું હતું અને ધાનેરાના જાહેર માર્ગો તેમજ વિવિધ વિસ્તારોમાં પોલીસ કાફલો દ્વારા ચાલતા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું કોરોના મહામારી વચ્ચે પણ બજારમાં લોકોની અવર જવર વધતા વેપારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો છે ગત વર્ષ કરતા આ વર્ષે બજારમાં ખૂબ જ ઓછી માત્રામાં લોકોની ભીડ જોવા મળી રહી છે.

## ભારતીય જનતા પાર્ટી અરવલ્લી જિલ્લાના નવનિયુક્ત પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલે કાર્યભાર સંભાળ્યો

અરવલ્લી જિલ્લા ભાજપા પૂર્વ પ્રમુખ રણવીરસિંહ ડાભી દ્વારા પદભાર સોપવામાં આવ્યો ત્યારે ઉપસ્થીત રહ્યા હતા. ત્યારે ઉપસ્થીત આગેવાનો દ્વારા પાર્ટીનો આ હોદ્દો એ એક વ્યવસ્થાના ભાગ છે અને પ્રત્યેક કાર્યકર્તા પ્રમુખ છે તેવુ ઉપસ્થીત કાર્યકર્તાને જણાવવામાં આવ્યું અને ખભે ખભા મીલાવીને કાર્યકર્તા તરીકે પ્રમુખ પણ બૂથ સુધી કાર્યભારને સુપેરે નિભાવશે તેવી વાત કરવામાં આવી હતી. આ પ્રસંગે નવનિયુક્ત પ્રમુખનું મોઢુ મીઠું કરાવી અને સાથે પેટાચૂંટણી અનુસંધાને



જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ, જિલ્લા પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવર, સહકારી આગેવાન પ્રભુદાસ પટેલ, મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહ, શહેર પ્રમુખ જગદીશ ભાવસાર પ્રેરક આતસબાજી અને ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવવામાં આવ્યો અને નવનિયુકત પ્રમુખના વધામણા કરાયા અને શુભકામનાઓ પાઠવી ત્યારે કાર્યકર્તામાં આનંદની લાગણી ફેલાઈ હતી.

## ધાનેરાના થાવર ગામ નજીક ખેતરમાં પડી રહેલા ઘાસ અચાનક આગ લાગતાં અફરાતફરી

થાવર ગામ નજીક અને નેનાવા હાઈવે રોડ પર આવેલા ખેતરમાં પડેલ ઘાસમાં અચાનક આગ લાગતાં લોકોમાં ભય ફેલાયો હતો અને લોકોમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ આગને બુઝાવવા માટે લોકો દ્વારા પણ અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા હતા અને તે બાદ ધાનેરા નગરપાલિકાના ફાયર ફાઈટરની પણ જાણ કરવામાં આવી હતી ત્યારે લોકોના અથાક મહેનત અને ધાનેરા નગરપાલિકાના ફાયર ફાયટરો દ્વારા આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો આ આગમાં કોઈ જાનહાની તો નથી થઈ પરંતુ એક ખેડૂતનું ઘાસ બળીને ખાખ થઈ જતાં ખેડૂતોને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.




પાલનપુર રામદેવજી મંદિર ખાતે બનાસકાંઠા ધાણધાર વણકર સમાજ દ્વારા અમર બેલડી અને ગુજરાતી ફિલ્મ જગતના મહાનાયક અને પૂર્વ સાંસદ, ધારાસભ્ય મહેશ-નરેશ કનોડિયાનો શ્રધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમા જૂજ સંખ્યામાં માસ્ક સાથે સામજિક આગેવાનો દ્વારા મહેશ-નરેશ ના સંભારણા, સામાજિક કર્યો અને ગીત-સંગીત ક્ષેત્રે દુનિયામાં નામ ઉજ્જ્વળ કર્યુ તે પ્રસંગો યાદ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી.. બંને ભાઈઓએ કોઈ એક સમાજ નહીં ગુજરાત અને ભારતનું નામ રોશન કર્યું અને મા.પ્રધાનમંત્રી અને બીજા મહાનુભાવોએ તેમને શ્રદ્ધાંજલી આપી એનું ગર્વ લીધું હતુંજેમાં ગણેશભાઈ, ખેમચંદભાઈ, કુંદનભાઈ, અનિલભાઈ, દેવાભાઈ અને પ્રકાશભાઈ ધારવા એ સંપૂર્ણ આયોજન કર્યું હતું.કનોડિયા બંધુના બહેન વાલીબેન અને હેમુભાઈએ પરિવાર સાથે ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

## ચિત્રાસણી નજીક દેશી તમંચા સાથે ચાર આરોપીની ધરપકડ

પાલનપુર એસઓજી પોલીસે બાતમી આધારે વોચ ગોઠવી ચિત્રાસણી પાસે થી કારમાંથી દેશી તમંચા સાથે ચાર ઈસમોને રૂ.૧.૧૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર એસઓજી પીઆઈ ડી.આર. ગઢવી સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. આ દરમ્યાન હસમુખદાનને બાતમી મળી હતી કે, કેટલાંક ઈસમો ગેરકાયદેસર હથિયાર સાથે આબુરોડથી પાલનપુર તરફ આવી રહ્યા છે. કારની તલાશી લેતા દેશી તમંચો (કટ્ટુ) રૂ.૧૦,૦૦૦, એક કારતૂસ રૂ. ૩૦૦, સ્વિફ્ટ કારની રૂ. ૧,૦૦,૦૦૦, મોબાઈલ નંગ-૪ રૂ. ૭૦૦૦ મળી કુલ રૂ.૧,૧૭,૩૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ સાથે તમામ આરોપીઓ સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે હથિયારધારોની કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મોડાસા ચાર રસ્તા પર ભારે ટ્રાફિક

### ટીઆરબી જવાનો ગાયબ : ટીઆરબી જવાનો પોલીસ ચોકીમાં ગપ્પા મારવામાં વ્યસ્ત, ટ્રાફિકથી લોકો ત્રસ્ત

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચાર રસ્તાથી મખદૂમ ચોકડી સુધી અને ચાર રસ્તાથી ડીપ વિસ્તારમાં જેવા મુખ્યમાર્ગો પર ગેરકાયદેસર ખડકાતા લારી-પથારાવાળાથી અને રોડ પર આડેધડ ખડકી દેવાતા બાઈક અને કાર, રીક્ષાઓથી ધોરીમાર્ગ પણ અદ્રશ્ય બની જાય એટલી હદે દબાણ કરાતા રાહદારીઓ માટે ચાલવું ક્યાં તે યક્ષ પ્રશ્ન બની રહે છે. દિવાળી તહેવારને લઈને મોડાસા શહેરમાં ખરીદી કરવા ભારે ભીડ ઉમટી રહી છે. ચાર રસ્તા પર સતત ટ્રાફિક જામ સર્જાતા વાહનચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. શહેરના ચાર રસ્તા, બસ સ્ટેન્ડ અને અન્ય ટ્રાફિક પોઈન્ટ પર ફરજમાં મુકવામાં આવેલ પોલીસતંત્રના કર્મચારીઓ ચોકીમાં અને ટ્રાફિક બ્રિગેડના જવાનો પોલીસ ચોકીમાં મોબાઈલમાં વ્યસ્ત રહેતા હોવાની સાથે ટોળે વળી વાતોમાં રચ્યા પચ્યા રહેતા ટ્રાફિકની ગંભીર સમસ્યા પેદા થઈ છે.

એક બાજુ સરકાર અકસ્માતની ઘટના નિવારવા ટ્રાફિકના નિયમો અને દંડની જોગવાઈ વધારી રહી છે, બીજી બાજુ ટ્રાફિક નિયમનની અમલવારીમાં પોલીસતંત્ર સરેઆમ નિષ્ફળ રહ્યું હોય તેવા દ્રશ્યો સમગ્ર રાજ્યમાં ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં હેલ્મેટ પહેરવાના નિયમનો તો દ્વિ-ચક્રીય વાહન ચાલકો સરેઆમ ઉલ્લંઘન કરી રહ્યા છે. ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન વાહનચાલકોને ગુલાબના ફૂલ આપવાની સાથે દંડાત્મક કાર્યવાહી કરતી હોય છે. ટ્રાફિક પોલીસની દંડાત્મક કાર્યવાહી જાણે તેમને અપાતા ટાર્ગેટ પૂરો થતા જ બંધ કરી દેવામાં આવતી હોય તેમ વાહનચાલકો બિન્દાસ્ત ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી મનફાવે તેમ વાહનો હંકારી અકસ્માતની ઘટનાઓની હારમાળા સર્જી રહ્યા છે.



મોડાસા ટાઉન પોલીસ, ટ્રાફિક પોલીસ અને નગરપાલિકા તંત્ર દ્વારા મોડાસામાં ટ્રાફિક દૂર કરવા ભારે ઉદાસીનતા જોવા મળે છે "બાર વર્ષે બાવો બોલે" તેમ ફક્ત દેખાવ પૂરતી અને રોફ જમાવતી કામગીરી મહિનાના એકાદ બે દિવસ કર્યા બાદ ઠંડા પાણીમાં બેસી જતા મોડાસા શહેરમાં ટ્રાફિક સમસ્યા શહેરીજનો અને રાહદારીઓ માટે માથાના દુખાવા સમાન બની છે.

## ધનસુરા અને મોડાસા જાયન્ટ પીપલ્સ ફાઉન્ડેશન દ્વારા સાડી વિતરણ કરાઈ

ધનસુરા અને મોડાસા જાયન્ટ પીપલ્સ ફાઉન્ડેશન દ્વારા ધનસુરા સાડીઓ વિતરણ કરવામાં આવી હતી. ધનસુરાના થોરીવાસમાં કાર્યક્રમ યોજાયો. જેમાં બહેનોને ધનસુરા અને મોડાસા જાયન્ટ પિપલ્સ ફાઉન્ડેશન દ્વારા સાડીઓ વિતરણ કરવામાં આવી હતી. જાયન્ટ જોનમાંથી નીલેશભાઈ જોષી, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, મોડાસા મંત્રી પ્રવીણભાઈ, ધનસુરા જાયન્ટ પ્રમુખ આકાશભાઈ બ્રહ્મભટ્ટ, મુકેશભાઈ શાહ, મંત્રી ભૌમિકભાઈ, ઉપપ્રમુખ જિગર કોઠારી ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુર ઈ. આરટીઓ અધિકારી લાંચના છટકામાં સપડાયા

### દ્વિ ચક્રી વાહનોના રજીસ્ટ્રેશન પેટે ૮૩,૨૦૦ માંગ્યા હતા

### ઇ. મહિલા અધિકારી વતી લાંચ લેતો ડ્રાઈવર ઝડપાયો

દિવાળી પૂર્વે પાલનપુર આરટીઓ અધિકારી વતી કરાર આધારિત ડ્રાઈવર લાંચ લેતા ઝડપાતાં ચકચાર મચી ગઈ છે. શો રૂમમાં વેચાણ થયેલા દ્વિચકી વાહનોના ફી ફોર્મનું ઈન્ફેક્શન અને વેરીફાઈ કરવા ઈન્ચાર્જ આરટીઓ મહિલા અધિકારીએ લાંચ માંગી હતી. જોકે ફરિયાદી લાંચ આપવા માંગતા ના હોઈ તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. જેથી પાટણ એસીબી ટીમે વોચ ગોઠવી આરટીઓ અધિકારીના કહેવાથી લાંચ સ્વીકારતા ડ્રાયવરને ઝડપી પાડ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરના આરટીઓ અધિકારીનો ચાર્જ હાલ દ્રષ્ટિબેન જયંતીભાઈ પટેલ પાસે છે. જિલ્લામાં દ્વીચક્રી વાહનના શો રૂમમાં વેચાણ થયેલ નવા વાહનોના રજીસ્ટ્રેશનની ફી ઓનલાઈન ભરાતી હોય છે. જોકે દ્રષ્ટિબેને ફરીયાદી પાસે પાલનપુર જીલ્લાના ફોર્મનુ ઈન્સપેક્શન તથા વેરીફાઈ કરાવવાના એક ફોર્મ દીઠ રૂ.૭૫ ની તથા પાટણ જીલ્લાના એક ફોર્મ દીઠ રૂ.૧૦૦ લેખે ગત માસના વેંચાણ થયેલા વાહનના કુલ પેટે રૂ. ૮૩,૨૦૦ ની માંગણી કરી હતી.

## અરવલ્લી-સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસો.ના મહામંત્રીની વરણી કરાતા સન્માન

ભિલોડા,તા.૧૦

અરવલ્લી-સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિએશનના મહામંત્રીની સર્વાનુમતે બિન હરીફ વરણી કરાતા સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી. અરવલ્લી-સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિએશનના મહામંત્રી દિનેશભાઈ અસારીનું સન્માન શિક્ષક અરવિંદભાઈ સડાત, અરવિંદભાઈ નિનામાએ કર્યું હતું.

## ભિલોડામાં દિવાળીના તહેવાર નિમિત્તે મિઠાઈ અને ફટાકડાના સ્ટોલ ધમધમ્યા

ભિલોડા, તા.૧૦

પ્રકાશનું પર્વ એટલે દિવાળી પર્વ નિમિત્તે બજારોમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. ધીમી ગતિએ ખરીદીનો માહોલ જામતા વેપારીઓમાં આનંદની લાગણી જોવા મળે છે. કોરોના વાઈરસની મહામારીના પગલે પ્રજાજનોનું જીવન ધોરણ મહદ્ અંશે બદલાઈ ગયું છે. ઘર આંગણે દિવાળી પર્વ ટકોરના મારીને આવી ઉભી છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે દિવાળીના તહેવાર નિમિત્તે મિઠાઈ અને ફટાકડાના સ્ટોલ ગેરકાયદેસર રીતે ઠેર-ઠેર ધમધમ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી દિવાળી નિમિત્તે ખરીદી અર્થે ગ્રામ્ય વિસ્તારોમાંથી પ્રજાજનો ઉમટી રહ્યા છે. બજારોમાં ભારે ભીડભાડ અને ટ્રાફીક સમસ્યા જોવા મળે છે. એક તરફ કોરોના વાઈરસની મહામારી વચ્ચે મોંઘવારીનું ગ્રહણ હોઈ પ્રજાજનો ખરીદી કરતા ભારે ખચકાટ અનુભવી રહ્યા છે. ગત વર્ષની તુલનાએ આ વર્ષે બજારોમાં ઘરાકીમાં એકદંરે ઘટાડો જોવા મળી રહ્યો છે. દિવાળીના તહેવાર નિમિત્તે છેલ્લી ઘડીએ વેપારીઓને ઘરાકી રહેશે તેવી આશા વેપારીઓમાં સેવાઈ છે. મિઠાઈ અને ફટાકડા સહિત ઘરવખરીની વિવિધ ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતા ગરીબ અને મધ્યમ વર્ગ ભારે મુંઝવણમાં મુંકાયો છે.

રંગોળીના કલરની માંગમાં વધારો દિવાળીના પર્વ નિમિત્તે ઘર આંગણે અવનવી રંગોળી પુરવામાં આવતી હોય છે. રંગોળી પ્રકાશના પર્વ નિમિત્તે ઠેર-ઠેર જોવા મળતી હોય છે. દિવાળીના આડે હવે ગણતરીના દિવસો બાકી હોઈ ત્યારે બજારમાં રંગોળીમાં વપરાતા અવનવા રંગબેરંગી રંગો બજારમાં વેચાણ અર્થે જોવા મળી રહ્યા છે. કાગળની તૈયાર રંગોળી ડીઝાઈનવાળી વેચાતી જોવા મળે છે.

## ચિત્રાસણી નજીક દેશી તમંચા સાથે ચાર આરોપીની ધરપકડ

પાલનપુર એસઓજી પોલીસે બાતમી આધારે વોચ ગોઠવી કારમાંથી દેશી તમંચા સાથે ચાર ઈસમોને ઝડપી પાડ્યા છે. એસઓજી પીઆઈ સહિતનો સ્ટાફ પાલનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ દરમ્યાન ખાનગી બાતમી મળી હતી કે એક કારમાં ચાર ઈસમો ગેરકાયદેસર પાસ પરમીટ વગરનું હથિયાર લઈ આબુરોડથી નીકળી અમીરગઢ થઈ પાલનપુર તરફ આવનાર છે.

જેથી પોલીસે પંચો સાથે રાખી વોચ ગોઠવી કાર આવતાં તેમાંથી દેશી તમંચા સાથે કુલ ૧.૧૭ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે.

## "કોમલ" પાસવર્ડથી કારમાં દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ સસ્પેન્ડ કોન્સ્ટેબલ મહેશ ગઢવીને મહેસાણા જિલ્લામાં બદલી કરાઈ

અરવલ્લી જીલ્લામાં અનેક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની બુટલેગરો સાથે ભાઈબંધી હોવાની બૂમો સમયાંતરે ઉઠતી રહી છે. જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વર્ષ દહાડે કરોડો રૂપિયાનો દારૂ ગુજરાતમાં ઠાલવતા હોવાથી કેટલાક ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ બુટલેગરો સાથે હાથ મિલાવી લે છે અને લાઈનો ચાલવા માંડે છે. બુટલેગરો માટે સિલ્ક રૂટ ગણાતા શામળાજી પોલિસ સ્ટેશનમાં ફરજ બજાવતા અનેક અધિકારીઓ અને કર્મચારીઓ કરોડો રૂપિયાના આસામી બની ચુક્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. વિદેશી દારૂના ધધામાં રહેલી મબલખ કમાણીની લાલચમાં અનેક પોલીસકર્મીઓ બુટલેગર બની વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતા ઝડપાઈ ચુક્યા છે. થોડા મહિના અગાઉ ગાંધીનગર એલસીબી પોલીસે દારૂ ભરેલી કાર ઝડપી લીધી હતી. અરવલ્લીના પોલીસ કોન્સટેબલ મહેશ ગઢવીનું નામ ખુલ્યું હતું જેના પગલે રેંજ આઈજીએ સસ્પેન્ડ કર્યોના ગણતરીના દિવસો બાદ રેંજ આઈજીએ સસ્પેન્ડેડ મહેશ ગઢવીને મહેસાણા હેડક્વાટર હાજર થવા હુકમ કરતા પોલીસબેડામાં ખળભળાટ મચવાની સાથે હવે કોનો વારોની ચર્ચાએ જોર પકડ્યું છે.

૫ મહિના અગાઉ ગાંધીનગર એલસીબી પીએસઆઈ ઝાલાએ ડુમેચા નજીક ટ્રાવેરામાંથી ૧ લાખ રૂપિયા જેટલો વિદેશી દારૂ જપ્ત કરી ત્રણ આરોપીઓને દબોચી લીધા હતા. ત્યારે બુટલેગરોએ એલસીબી પોલીસને ગઢવી સાહેબ સાથે ફોન પર વાત કરી લો તેમ જણાવતા પીએસઆઈ ઝાલા ચોકી ઉઠ્યા હતા અને ગઢવી નામ જોગ ફરિયાદ દાખલ કરવામાં આવ્યા પછી અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતો ગઢવી નામનો પોલીસકર્મી હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું અને સ્ટેટ મોનીટરીંગ સેલને તપાસ સોંપાઈ હતી. સ્ટેટ મોનીટરીંગ સેલના ડીવાયએસપી જ્યોતિ પટેલને સોંપવામાં આવી હતી, તેમની ટીમે જે તે સમયે અરવલ્લીમાં ધામા નાખી તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો, ત્યાર બાદ સમગ્ર પ્રકરણ પર પડદો પાડી દેવામાં આવ્યો હોવાની બૂમો ઉઠી રહી હતી. ત્યારે રેન્જ આઈજી તરીકે અભય ચુડાસમાએ પોલીસ કોન્સટેબલ મહેશ ગઢવીને સસ્પેન્ડ કરી દેતા પોલીસ બેડામાં આનંદ છવાયો હતો. સસ્પેન્ડ કરાયાના બે મહિનાની અંદર આઈજીએ મેહસાણા જીલ્લામાંબદલી કરીહેડક્વાટરહાજર થવાનોહુકમ કર્યોછે.

